## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચૂંટણી પ્રચારમાં જાવ ત્યારે... પાટીદાર - પગારદાર અને તુવેરદાળ એ ત્રણ મુદ્દા ભુલે ચુકે નહી કાઢવાના...

# આજે જિલ્લા શિક્ષણતંત્રની સંકલન બેઠક

## બેઠકમાં જિલ્લાની સી અને બી ગ્રેડની ૧૬૦ શાળાઓને દત્તક આપવાનુ આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા તા. ૧૭મી નવેમ્બર મંગળવારે સવારે ૧૧ કલાકે સે. ૧૨માં જિલ્લા શિક્ષણ અને તાલીમભવન ખાતે સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવમાં જોવા મળેલા નબળા પરિણામને કારણે સૌ પ્રથમવાર આ પ્રકારની સંકલન બેઠકનું આયોજન કરાયું છે.

સંકલન બેઠકમાં ગાંધીનગર જિલ્લાની ૧૬૦ શાળાઓ જે સી અને ડી ગ્રેડમાં છે તેને દત્તક આપવા અંગે આયોજન કરાશે. જેમાં મોનીટરીંગ સ્ટાફને દત્તક આપવામાં આવશે. જિલ્લામાં શિક્ષણના કથળતા જતા સ્તર અને વિદ્યાર્થીઓની નબળી ગુણવત્તાની પરિસ્થિતિ જોતા યોજવામાં આવેલ સંકલન બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી, મદદનીશ શિક્ષણ, શિક્ષણ નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, કેળવણી-બીટ નિરીક્ષક, બીઆરસી કો-ઓર્ડિનેટર વગેરે ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં પ્રથમ સત્રમાં શાળા કક્ષાએ થયેલ શૈક્ષણિક કાર્યક્રમોનું અનુકાર્ય તથા બીજા સત્રમાં શાળા કક્ષાએ યોજાનાર શૈક્ષણિક કાર્યકર્મો અને વિજ્ઞાન-ગણિત પ્રદર્શન, ડિસેમ્બરના અંતમાં યોજાનાર રમતોત્સવ, દત્તક શાળા કાર્યક્રમ તથા નવા ચાર પ્રદર્શન વગેરે મુદ્દાઓને આવરી લેવાયા છે.

## ખૂણે ખાંચરેથી...

- રાજ્યના આરોગ્ય કમિશનર શ્રી જે.પી. ગુપ્તા આજે તેમની કચેરીના તમામ કર્મચારીઓને તેમના સ્થાને જઈ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.
- જિલ્લાની કચેરીઓમાં આજે કર્મચારીઓ તેમના વિભાગોની ટીમ બનાવી અન્ય કચેરીઓમાં શુભેચ્છાઓ આપતા નજરે પડ્યા હતા.
- ગાંધીનગરની સરકારી કચેરીમાં આજે બપોર બાદ કર્મચારીઓ વેકેશનના મૂડમાં હોય તેમ ઘણા બધા કર્મચારીઓ ઓફિસ છોડી ગયા હતા.
- ગાંધીનગર શહેર છેલ્લા બે દિવસથી ગુલાબી ઠંડી માણી રહેલ છે.

# નવાં સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનું કામ હાથ ધરવા માગ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં નવા સેકટરોમાં રસ્તાઓની બદતર હાલતના લીધે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. સે ૧ થી ૫ માં છેલ્લા પાંચ વર્ષથી માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના પરિણામે હાલ સેકટરોના આંતરિક માર્ગો ઉબડખાબડ બન્યા છે. તંત્ર દ્વારા વિભાગને રજુ કરાયેલી દરખાસ્તના અંતે પણ આગળ કાર્યવાહી હાથ ન ધરાતા નવા સેકટરોના રસ્તાઓનુ કામ અટવાયુ છે.

શહેરમાં સે ૧ થી ૫ માં માર્ગોનુ નવિનીકરણ પાંચ વર્ષ અગાઉ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે રસ્તાના રીસરફેસીંગની કામગીરીને નિયત સમય પુર્ણ થતા છેલ્લા ઘણાં સમયથી સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ હાલતમાં છે. ગત ચોમાસાના અંતે સેકટરોના માર્ગોની હાલત વધુ કંગાળ બની છે. જના લીધે નવા સેકટરોના આંતરિક માર્ગોપર કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં રસ્તાઓના બાકી કામ માટે અગાઉ પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે હજુ શહેરના મુખ્ય ઘ માર્ગનુ કામ પણ શરૂ કરવામાં આવ્યુ નથી. આગામી સપ્તાહમાં શહેરના ઘ માર્ગને ચકાચક બનાવવાનુ કામ શરૂ કરી દેવામાં આવશે.તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આ ઉપરાંત ખ માર્ગને પણ સિકસલેન બનાવવાની યોજના ટેન્ડર પ્રક્રિયાના અંતે અટવાઈ છે. ત્યારે ખ માર્ગને પણ સિકસલેન બનાવવા ટુંકમાં ટેન્ડરને મંજુરી આપવામાં આવે તેવી શક્યતા છે.

# ચિલોડા ખાતે ભાજપ કાર્યાલય દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ

## ચિલોડા(ડ) જિલ્લા પંચાયતની બેઠક પર ત્રિપાંખિયો જંગ ખેલાશે



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૬

જિલ્લા પંચાયત ગાંધીનગર સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૧૫ ચિલોડા(ડ) બેઠકની રસાકસીભરી અને રસપ્રદ ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગમાં ભાજપના ઉમેદવાર શ્રી એસ.પી. ઠાકોર તથા કોંગીના ઉમેદવારશ્રી અરવિંદસિંહ સોલંકી રાજકીય પક્ષોના ઉમેદવારો તરીકે તથા ચિલોડા ગામના વતની શ્રી જયંતિભાઈ જી. પટેલ (અપક્ષ) ઉમેદવાર તરીકે ઝંપલાવતા ભારે રસપ્રદ ચૂંટણીના એંધાણો વર્તાઈ રહ્યા છે. લાભ પાંચમના શુભ દિવસે ચિલોડા દહેગામ રોડ પર આવેલ પ્રમુખ-ઈલાઈટ કોમ્પલેક્ષ ખાતે ભાજપના કાર્યાલય ખુલ્લુ મુકતા પ્રચારકાર્યના શ્રીગણેશ થયા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે વિધાનસભા દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર તથા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડ સહિત ચિલોડા(ડ), શિહોલી મોટી, આલમપુર, દશેલા, ઈસનપુર મોટા, મગોડી, મગોડીલાટ, પ્રાંતિયા, લવારપુર, રામપુરા તથા નવા પાલજના ભાજપના સમર્થકો, ટેકેદારો, કાર્યકરો ઉપસ્થિત રહી નવા વર્ષના અભિનંદન પાઠવી ભાજપને જીતાડવા મક્કમ નિર્ધાર કર્યો હતો.

# બે નગરપાલિકામાં ૧૭૫ ઉમેદવારો

## કલોલ નગરપાલિકાની ૪૪ બેઠક માટે ૧૦૭ ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની કલોલ અને દહેગામ નગરપાલિકાની ૭૨ બેઠક માટે ૧૭૫ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના આજે અંતિમ દિવસે કલોલ નગરપાલીકામાં ૯ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી હતી. જયારે દહેગામ નગરપાલીકામાં માત્ર બે ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી હતી.

કલોલ નગરપાલિકાની ૪૪ બેઠક માટે ૧૦૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જયારે દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠક માટે ૬૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

# અગોરા સર્કલ પાસે ઈનોવાની અડફેટે ૧૨ વર્ષના બાળકનું કરૂણ મોત

## મેઘાણીનગરથી કિશોરને બાઈક પાછળ બેસાડીને યુવાન અગોરા તરફ જઈ રહ્યો હતો ત્યારે બાઈકને ટક્કર મારી ઈનોવા ચાલક ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારનો એક યુવાન અને ૧૨ વર્ષનો કિશોર બંને ડબલ સવારી બાઈક પર અગોરા મોલ તરફના માર્ગે નિકળ્યા હતા. તે દરમ્યાન અગોરા સર્કલ પાસે જ બપોરના અરસામાં બેફામ જતી ઈનોવા કારે બાઈકને અડફેટે લઈ લેતા બાઈક પર સવાર બંને ઘવાયા હતા. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલા અને ગંભીર રીતે ઘવાયેલા ૧૨ વર્ષના કિશોરનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. અજડાલજ પોલીસે ઈનોવા ચાલક સામે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા ડ્રાઈવર આરોપીની શોધખોળ શરૂ કરી દીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા વિષ્ણુસિંહ રઘુવિરસિંહ ભદોરીયા તેમની નજીક રહેતા ૧૨ વર્ષિય ક્રિશ અશોકભાઈ રાવતને લઈને બાઈક પર ગાંધીનગર નજીકના અગોરા મોલ તરફ જઈ રહ્યા હતા. અગોરા સર્કલ પાસે તેમનું બાઈક પહોંચ્યું ત્યાં જ સડસડાટ જતી ઈનોવા કાર નં. જીજે.૧૭.એન.૮૯૬૧ ના ચાલકે બાઈકને જબરદસ્ત ટક્કર મારી હતી. અને અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. જયાં ૧૨ વર્ષિય ક્રિશ રાવતનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ થયું હતું. અડાલજ પોલીસે ઈનોવા ચાલક સામે ગુનો નોંધી પીએસઆઈ ઝાલાએ વધુ તપાસ શરૂ કરી છે.

# સચિવાલય સહિત અનેક સરકારી કચેરીઓમાં શુભકામનાઓની આપ-લે

ગાંધીનગર, તા.૧૬

દિવાળીના વેકેશન બાદ આજથી સરકારી કચેરીઓ ખુલતા સચિવાલયમાં નવા વર્ષની શુભેચ્છાઓની કર્મચારીઓ-અધિકારીઓએ આપ-લે કરીને દિવસ પસાર કર્યો છે. દિવાળીના તહેવારોમાં સળંગ પાંચ દિવસની રજાઓ આવતા સરકારી કચેરીઓમાં મીની વેકેશન પડવા પામ્યું હતુ. પાંચ દિવસની સળંગ રજાઓ બાદ આજથી સરકારી કચેરીઓ ફરીને ધમધમવા લાગી છે.

જો કે આજે સચિવાલયના વિભાગો સહીતની સરકારી કચેરીઓમાં કર્મચારીઓ અધિકારીઓએ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓની આપ લે કરીને આજનો દિવસ શુભેચ્છા પાઠવવામાં પસાર કર્યો હતો હજુ પણ સચિવાલયમાં પ્રથમ દિને દિવાળીના તહેવારનો માહોલ જોવા મળ્યો હતો. કર્મચારીઓ રજાના મુડમાં હતા અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પ્રચાર માટે મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયના મોટા ભાગના વિભાગોમાં કર્મચારી અધિકારીઓની પાંખી હાજરીના કારણે વિભાગોની બ્રાન્ચો ખાલીખમ ભાસતી હતી. આવતીકાલથી વહીવટી કામકાજ રાબેતા મુજબ શરૂ થશે.

## ગુજરાતમાં નવાં રોકાણમાં વધારો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં મોટા ઉદ્યોગો દ્વારા સરકાર સમક્ષ ઔદ્યોગિક એકમો સ્થાપવાનો ઈરાદો જાહેર કરતા 'ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (આઈઈએમ)' આવેદનપત્રોની સંખ્યામાં તેમજ રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. તદઅનુસાર એપ્રિલથી જૂન ૨૦૧૪ દરમિયાન આઈઈએમની સંખ્યા ૭૮ની હતી તે એપ્રિલથી જૂન ૨૦૧૫ દરમિયાન વધીને ૮૬ની થઈ છે તેમજ આ જ સમયગાળામાં સંભવિત રોકાણ ૫૦૪૫ કરોડથી વધીને ૧૩૮૬૪ કરોડનું તથા સંભવિત રોજગારી ૧૭૧૭૯થી વધીને ૨૬૮૬૪ની થઈ છે. આમ રાજ્યમાં સતત મૂડીરોકાણ અને રોજગારીની તકોમાં વધારો થઈ રહ્યો છે.

# રાજ્યભરમાં વેપાર-કારોબાર પુનઃ શરૂ



ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિક્રમ સંવત કેલેન્ડર વર્ષના પાંચમાં દિવસે કારોબારની આજે ફરી શરૂઆત થઈ ગઈ હતી. દિવાળી બ્રેકના પાંચ દિવસ બાદ આજે તમામ વેપારી પ્રવૃત્તિ ફરી એકવાર ધમધમતી થઈ ગઈ હતી.

આજે સવારે ૬.૫૨થી ૮.૧૫ વાગ્યાના ગાળામાં શુભમુહૂર્તમાં દુકાનો અને વેપારી પેઢીઓ ખોલવામાં આવી હતી. ત્યારબાદ ૯.૩૭થી ૧૦.૫૯ વાગ્યાના ગાળામાં પણ શુભમુહૂર્ત જોઈ દુકાનો ખોલવામાં આવી હતી.

ભારતના અન્ય ભાગોની સરખામણીમાં ગુજરાતમાં પાંચ દિવસ સુધી અથવા તો સાત સુધી દિવાળી તહેવારની ઉજવણી કરવામાં આવી છે. જ્યારે ભારતના અન્ય ભાગોને ક્રિસમસ વેકેશનની જોગવાઈ રહેલી છે. ગુજરાતમાં લોકો ૨૧ દિવસ સુધી દિવાળી વેકેશન માણે છે. લાભપાંચમને જ્ઞાન પંચમી તરીકે પણ જૈન લોકો ઉજવે છે. આ દિવસે જૈન ધર્મની સંસ્થાઓ જ્ઞાન પંચમી પ્રદર્શનનું આયોજન કરે છે. પુસ્તકો અને અન્ય સાધનો મુકવામાં આવે છે. અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલા સુરેન્દ્રસુરેશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા દ્વારા કેટલાક આદેશો આ વખતે જારી કરવામાં આવ્યા હતા.

આજે અમદાવાદ શહેરમાં તમામ મોટા બજારો જેમ કે કાલુપુર, માણેકચોક, ખાડીયા, માધુપુરા સહિતના કેટલાક વિસ્તારો વહેલી સવારે જ ધમધમતા થઈ ગયા હતા. આની સાથે જ મોટા તહેવારોનો ગાળો પુરો થયો છે.

# કેપિટલ સ્ટેશનનું બ્યુટીફીકેશન હાથ ધરવા વેસ્ટર્ન રેલવેને મહામંડળની રજૂઆત

## રસ્તા અને લાઈટ સહિતની સુવિધાઓ માટે માગ

ગાંધીનગર, તા. ૧૬

કેપિટલ સ્ટેશનના બ્યુડીફીકેશન માટે રેલવે વિભાગના ડીવિઝનલ રેલવે મેનેજરને પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી છે. કેપિટલ સ્ટેશનના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી યાત્રિકોલક્ષી સુવિધાઓ ઉભી કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. જયારે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ અદ્રશ્ય થઈ ગયો છે. આવા સંજોગોમાં કેપિટલ સ્ટેશનને છાજે તે મુજબ આ વિસ્તારમાં માળખાગત સુવિધાઓનુ કામ હાથ ધરવા સહીત બ્યુટીફીકેશનની યોજના હાથ ધરવા પણ રજુઆતમાં જણાંવાયુ છે.

કેપિટલ સ્ટેશન વિસ્તારમાં રોજ બરોજ ટ્રેઈનોની અવર જવર શરૂ થયા બાદ વર્ષોના અંતે પણ જરૂરી સુવિધાઓ ઉભી થઈ શકી નથી. જયારે મહાત્મા મંદીર અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ જાણે અદ્રશ્ય થઈ ગયો છે. જયારે રેલવે સ્ટેશન તરફ જવાના સાંકડા અને ભુલભુલૈયા સમાન રૂટમાં લાઈટો પણ નથી. જયારે રીક્ષા સ્ટેન્ડ માટે લાંબા સમયના અંતે પણ જગ્યા નિયત કરવામાં આવી નથી. રેલવેના વિસ્તારમાં દાયકાથી વધુ સમયના અંતે પણ યાત્રિકોલક્ષી સુવિધાઓ ઉભી કરી શકાઈ નથી. શહેરના એક ખુણામાં સ્થિત રેલવે સ્ટેશન ભૌગોલિક પરિસ્થિતિની જેમ સુવિધાઓના મામલે પણ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. રેલવે વિભાગના અધિકારીઓ સમયાંતરે રેલવે સ્ટેશનની મુલાકાત લેતા હોવાનુ ધ્યાને આવ્યુ છે.ત્યારે લાંબા સમયના અંતે પણ કોઈ અસરકારક કામગીરી થઈ શકી નથી. શહેર વસાહત મહામંડળ દ્વારા આ મામલે રેલવે સ્ટેશન સંબંધિત પ્રશ્નો અંગે વારંવાર વિભાગને રજુઆત કરવામાં આવે છે. કેપિટલ સ્ટેશનને વધુ ટ્રેઈનો ફાળવવા ઉપરાંત યાત્રિકોલક્ષી જરૂરી સુવિધાઓ ઉભી કરવા પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. ગત સપ્તાહ દરમિયાન જ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજરે સ્ટેશન વિસ્તારની મુલાકાત લીધી હતી. આ દરમિયાન પણ ચીફ સેક્રેટરી તેમજ માર્ગ મકાન વિભાગના સચિવ સાથે રેલવે સંબંધિત પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી. શહેર વસાહત મહામંડળે પણ વેસ્ટર્ન રેલવેના મેનેજરને પત્ર લખી યોગ્ય પગલા લેવા જણાંવાયુ છે. જેમાં સ્ટેશન વિસ્તારના બ્યુટીફીકેશન અંગે પણ કાર્યવાહી હાથ ધરવા માંગણી કરવામાં આવી છે.

# ગુજરાતના કિરણ ડાભીએ વિશ્વમાં ડંકો વગાડ્યો

## બોડી બિલ્ડીંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ૧૬મું સ્થાન મેળવનાર ગુજરાતી યુવાનને સરકારની કોઈ મદદ નહીં

ગાંધીનગર તા ૧૬

રાજય સરકાર ખેલકુદ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. ગુજરાતના ખેલાડીઓને વિવિધ ક્ષેત્રે પ્રોત્સાહીત કરવાની સુફીયાણી વાતો થાય છે. ત્યારે ઘણાં ખેલાડીઓ પ્રોત્સાહક બળના અભાવે તેમની તેજસ્વીતા પુરવાર કરી શકતા નથી. બોડી બિલ્ડીંગ ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ ધરાવતા ગુજરાતના યુવાનને સરકાર તરફથી કોઈ મદદ મળી નથી અતુટ મનોબળ ધરાવતા ગુજરાતના બોડી બિલ્ડીંગ ચેમ્પિયન કિરણ ડાભીને વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેડલ જીતવાની પ્રબળ ખેવના છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં સ્પેન ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેમણે સમગ્ર વિશ્વમાં ૧૬મુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સરકારી મદદ સિવાય પણ આ યુવાને સતત સંઘર્ષ કરીને તેમણે બોડી બિલ્ડીંગને એક સાધના તરીકે સ્વીકારી દેશનુ નામ રોશન કર્યુ છે. પરંતુ સરકારી આશાનુ કીરણ હજુ અજવાળુ બનીને આવ્યુ નથી. તે વાતનો તેમણે અફસોસ જતાવ્યો હતો.

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં સ્થિત રાધે સ્કવેર ખાતે આજે શૉર નામના ફીટનેશ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ફીટનેશ સેન્ટરના સંચાલક મોનીકા પંડીત અને દેવેન્દ્રની હાજરીમાં ગુજરાતના જાણીતા બોડી બિલ્ડર કીરણ ડાભીએ આ ફીટનેશ સેન્ટરનો પ્રારંભ કરતા જણાંવ્યુ હતુ કે આજના જંકફુડના તણાવભર્યા સમયમાં તંદુરસ્ત રહેવા કસરત કરવી અત્યંત અનિવાર્ય છે. પરંતુ બોડી બિલ્ડીંગ માટેની કસરતો અને તેના સાધનોનો ઉપયોગ કોચની ગાઈડ લાઈન મુજબ જ થાય તે જરૂરી છે.ખાડીયામાં રહેતા કીરણ ડાભીએ સતત સંઘર્ષ અને આકરી મહેનત કરી બોડી બિલ્ડીંગ ક્ષેત્રે વિવિધ સિધ્ધિ હાંસલ કરી છે.તેમના પિતા નડવરભાઈ ડાભી જ તેમના માટે આદર્શ છે. તેમણે બોડી બિલ્ડીંગમાં ગુજરાતમાંથી સતત ૧૭ વાર મિ ગુજરાતનો ખિતાબ મેળવ્યો છે. જયારે ૭ વાર ચેમ્પિયન ઓફ ચેમ્પિયન બન્યા છે. વર્ષ ૨૦૧૪માં મિ ઈન્ડીયામાં ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યો હતો. જો કે મિ. ઈન્ડીયા બન્યા ત્યારે સરકારે રૂ ૨ લાખની સહાય કરી હોવાનો એકરાર પણ તેમણે કર્યો હતો. જયારે વર્ષ ૨૦૧૫-૧૬માં સ્પેન ખાતે યોજાયેલી ચેમ્પિયનશીપમાં ૧૬મો ક્રમ હાંસલ કર્યો હતો. કિરણના મતે બોડી બનાવવી તે એક સાધનાનો વિષય છે. આજે પણ તે યુવાનોને જીમમાં પર્સનલ ટ્રેનીંગ આપવાનુ કામ કરે છે. આજના ફીટ રહેવા માંગતા યુવાનોને તેમણે જણાંવ્યુ હતુ કે હળવી ભારે કસરત યોગ્ય કોચ તેમજ ડોકટરના માર્ગદર્શન હેઠળ કરવી જોઈએ. બોડી બિલ્ડીંગ ક્ષેત્રે ઉભરતા આ રમતવીરને વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેડલ હાંસલ કરવાની ખેવના છે.કસરતી હાથને સરકારનો સાથ મળે તેવી લાગણી પણ પ્રબળ બની છે.



# અમદાવાદમાં આજે મુખ્યમંત્રી રોડ શો કરી ચૂંટણી પ્રચાર કરશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતીકાલે રોડ શૉ દ્વારા ચૂંટણી પ્રચાર કરનાર હોવાનું જાણવા મળે છે. અમદાવાદ સહીત રાજ્યની ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ આગામી ૨૨મી નવેમ્બરના રોજ યોજાનારી છે ત્યારે ચૂંટણી પ્રચાર આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહેતા ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારને વેગવંતો કરવામાં આવ્યો છે.

બરોડા અને સુરતમાં થોકબંધ ચૂંટણી સભાઓ સંબોધ્યા બાદ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આવતીકાલે અમદાવાદ મહાપાલિકા મતવિસ્તારમાં વિવિધ વોર્ડોમાં રોડ શૉ કરીને ચૂંટણી પ્રચાર કરીને ભાજપના ઉમેદવારોને વિજય બનાવવા માટે અપીલ કરશે. આ માટેની સઘળી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.